# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૩૫ ● સળંગ અંક : ૧૪૦ ● તા.૧૩ ફેબ્રુઆરી થી ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.








નારી શક્તિ

KDO Swaroj

The taste of tradition

# સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિની નારીઓને આત્મનિર્ભર બનાવવાની ઝૂંબેશ વેગ પકડી રહી છે


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સમય અને સંજોગો પરિવર્તિત થવાના

ક્રોધ, માન, માયા અને લોભ ચાર સર્વનાશની જડો છે. જે જીવનના વૃક્ષને પાંગરવા દેતી નથી. આ કષાયો છે જે એક યા બીજી રીતે માણસને જંપવા દેતી નથી. આના કારણે માણસ ન વિચારવાનું વિચારે છે. ન બોલવાનું બોલે છે અને ન કરવાનું કરી આચરે છે. સ્વાર્થ અને લોભ, ક્રોધ અને મોહ, માયા અને મમતાનું વળગણ લાગે છે ત્યારે માણસને સારા કે નરસાનું ભાન રહેતું નથી. ઉપરની ચાર જડો એકમેક સાથે સંકળાયેલી છે. આમ જોઈ એતો એક ચહેરા પર ફિટ થઈ જતાં ચાર મહોરાં છે. જે સારપને છૂપાવી દે છે અને પોતાનું પોત પ્રકાશે છે.

લોભ છૂપો રૂસ્તમ છે. તે બહાર દેખાતો નથી. પણ જીવનની જે બધી મુશ્કેલીઓ ઉભરે છે. જેમાં તેની મહત્વની ભૂમિકા છે. સ્વાર્થ અને લોભ આવે છે ત્યારે સગાઓ પણ વેરી બની જાય છે. સ્વાર્થ માણસને અંધ બનાવે છે. સારા નરસાનું ભાન રહેતું નથી. કોઈ વિઘ્ન આવે તો ક્રોધ ઊભો થાય છે ને છેવટે હિંસક સ્વરૂપ ધારણ કરે છે. ક્રોધ જ્યારે મન મગજ પર આક્રમક બને છે ત્યારે દરેક દિશાઓ દેખાતી બંધ થાય છે. માત્ર દેખાય છે નર્યો સ્વાર્થ, મતલબ અને અભિમાન, પરિગ્રહની પાછળ પણ લોભ રહેલો છે લોભને કારણે માણસ અઢળક ભેગું કરતો રહે છે. કોઈ વસ્તુઓથી સંતોષ થતો નથી. કશું છૂટતું નથી. જે મળે તે ઓછું લાગે છે. દરેક માનવી સુખ ઈચ્છે છે. એમાં કશું ખોટું નથી. પણ દુ:ખ એમાં સર્જાય છે કે અન્ય કરતા પોતાને વધુ સુખ જોઈએ છે. એટલે મુશ્કેલીઓની પરંપરા સર્જાય છે. સૌની નજર ઉપર તરફ છે કોઈ નીચે જોવા ઈચ્છતો નથી.

આપણે કેટલા પાછળ રહી ગયા છીએ તેનો પૂરેપૂરો ખ્યાલ રહે છે. પણ આપણે બીજા કરતાં કેટલા આગળ છીએ તે તરફ નજર જતી નથી. એવા કેટલા લોકો છે જેને પેટ પૂરતું ભોજન પ્રાપ્ત થતું નથી. અંગ ઢાંકવા પૂરતાં કપડાં નથી. માથે છાપરું નથી. એમનો વિચાર કરવો જોઈએ એમની સામે આપણને ઘણું ઘણું મળ્યું છે તે પ્રભુની કૃપા છે એ સમજણ ધરાવવી જોઈએ. માણસ દુ:ખી અને લાચાર છે તેનું મુખ્ય કારણ સ્વાર્થ અને લોભ છે. પ્રભુ પર ભરોસો નથી. ભાવી નો ડર લાગે છે. કશું અજુગતું અને અણધાર્યું બનશે. તેનો અંદર ખાને ભય રહે છે. ભવિષ્યની ચિંતા રહે છે. એટલે આજની સુરક્ષાની દીવાલો ઊભી કરે છે. જે દીવાલો મોહની છે, માયાની છે અલગ અલગ પ્રકારના વળગણની છે.

ખુદના કર્મ પર આત્મવિશ્વાસ અને પ્રભુ પ્રત્યે શ્રધ્ધા અને વિશ્વાસ, આસ્થા અડગ હોય તો કોઈ મુસીબતો મોટી લાગશે નહીં. સુખ દુખના ઉતરાણ ચડાણ દડ મંજલ પર આવતા રહેવાના છે. તે કોઈનાથી રોક્યા રોકી શકવા નથી. જે નિર્ધારિત છે થયા વગર રહેવાનું નથી. માનવી ગમે તેટલાં ધમ પછાડા કરે પણ કાળને રોકી શકવા સમર્થ નથી. સમય અને પરિસ્થિતિ પલટાયા કરે છે. મનમાં સ્થિરતા અને ભરોસો હશે તો ગમે તેવા સંકટમાંથી પણ સુખ રૂપ બહાર નીકળી શકાય છે.

*– જય જ્ઞાતિમૈયા*

# હવેનો દોર યુવાનોના હાથમાં

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજનો દોર પ્રગતિનો છે, નિત નવી ટેકનિક, મોર્ડન સાધનોનો છે. જગત પૂરપાટ વેગે આગળ વધી રહ્યું છે. જે વિચારોમાં પરિવર્તન નહીં લાવે, ટેકનોલોજી સાથે તાલ નહીં મિલાવી શકે એ સ્થિર થઈ જશે. અટકી જશે, રૂંધાઈ જશે. આજનો યુવાન શિક્ષણ મેળવી પોતાના જ્ઞાન અને સાહસના બળે નવી નવી દિશામાં પ્રગતિ કરી રહ્યો છે અને આ જરૂરી પણ છે.

હવેનો સમય ખંડ વિજ્ઞાનને સહારે, વિજાણુના તંત્રે પ્રગતિ કરવાનો છે. આપણી સરકાર નવી નવી યોજના ઓનલાઈન શરૂ કરે છે અને મોબાઈલ, લેપટોપ કે કોમ્પ્યુટરના ઉપયોગથી સંચાલન કરવા પ્રેરિત કરે છે. લોકડાઉન સમય ગાળા દરમ્યાન દરેકે દરેક જણ ઈન્ટરનેટને સહારે એકબીજાથી સંપર્કમાં રહી શક્યા. આ કાળ ખંડ દરમ્યાન સૌને વિજ્ઞાન અને ટેકનોલોજીના સાધનોની મહતાની ખરી પિછાન થઈ. એના ઉપયોગથી જીવન કેટલું સરળ થઈ શકે છે. આરામદાયક અને જ્યાં છીએ ત્યાંથી સૌના સંપર્કમાં રહી શકીએ છીએ સંવાદ કરી શકીએ છીએ વ્યવહાર સરળ પણે કરી શકીએ છીએ.

આજનો યુવાન શિક્ષિત છે અને સાહસિક પણ છે. તે નવા નવા વિચારોને અમલમાં લાવી શકવા કાબેલ છે. તે નેતૃત્વ કરીને ધારે તે રીતે દિશા દોરને આગળ ધપાવી શકવા કાબેલ છે. માત્ર તેની કાબેલિયત પર વિશ્વાસ કરવો જરૂરી છે. આજના યુવાનમાં હામ છે, આગળ ધપવાની ત્રેવડ છે. યોગ્ય માર્ગદર્શન દિશા નિર્દેશન મળે તો યુવા પેઢી પોતે જ નહીં માત્ર, સૌનો આગળ લાવી શકવા કાબેલ છે. જરૂરત છે તેના પર વિશ્વાસ મૂકવાનો તેને છૂટો દોર આપવાનો. વાતે વાતે ટીકા ટકોર કરવાથી તે હતાશ થઈ જાય છે. માટે તેને હૂંફ આપીએ, આગળ વધવાનું પ્રોત્સાહન આપીએ તો ભવિષ્ય કેટલું ઉજ્વળ કરી શકે છે એ તેઓ બતાવી શકવા સમર્થ છે.

જીવનમાં પ્રત્યેક વ્યક્તિએ સંકલ્પ નિર્ધારિત કરવો જોઈએ કે હું બાળક રહીશ પણ બાલિશ નહીં. હું યુવાન બનીશ પણ ઉચ્છખંલ, ઉધ્ધત, ઉછાંછળું નહીં, હું વૃધ્ધ થઈશ પણ, નિરાશ નહીં. જૂનવાણી નહીં.


## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમસ્ત મહાજનની સ્વરોજ સમિતિ દ્વારા જ્ઞાતિની નારીઓને આત્મનિર્ભર બનાવવાની ઝૂંબેશ વેગ પકડી રહી છે



કિંજલ મહેશ મૈશરી
અમદાવાદ - લાલા



પ્રભા નાગડા
અમલનેર



આશા વસંત શાહ
લુણી - અંબરનાથ

ડિસેમ્બર વર્ષ ૨૦૧૮ના નલિયા મધે ચતુર્થ જ્ઞાતિ સંમેલન સફળતાપૂર્વક યોજાયું હતું. આ સંમેલનમાં કેડીઓ જ્ઞાતિઓની નારીઓ આજના સમય સંજોગ સાથે આગળ વધે, વિવિધ તકો તેમને મળે એ માટે એક આગવો નારીશક્તિ ડોમ ફાળવાયો હતો. જેમાં પ્રત્યેક દિવસે વિવિધ પ્રકારના ચર્ચા સત્રો યોજ્યા હતા અને નારી શક્તિને માટે નવા વિચારો, આયામો પ્રાપ્ત થાય એ માટે વિશદ ચર્ચા થઈ. આ સંમેલનના પરિપાક રૂપે સ્વરોજ યોજના ઘડાઈ જેના લીધે જ્ઞાતિની મહિલા શક્તિ સ્વાવલંબી બને, સશક્ત બને અને પગભર બની પોતાનો રીતે સ્વતંત્ર જીવન વ્યવહાર ચલાવી શકે.

આ યોજના હેઠળ આત્મનિર્ભર કેડીઓ નારી પ્રોજેક્ટ અંતર્ગત ગત વર્ષના માર્ચ મહિનાથી શરૂ થયેલ કોરોના કાળને લક્ષમાં લઈ માસ્કની જરૂરિયાત પૂરી પાડવા નારી શક્તિને આહ્‌વાન કરાયું હતું અને કેડીઓ મહિલાઓએ પોતાના પરિશ્રમ, કાબેલિયત અને આત્મબળથી આજ સુધી વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશનના સ્ટાંન્ડ મુજબના લગભગ ૪૦ હજાર માસ્કનું ઉત્પાદન કર્યું અને કેડીઓ વ્યાપારીઓને તેનું વેચાણ કર્યું.

સમસ્ત મહાજનની સ્વરોજ યોજનાની કમિટી સાથે માસ્ક બનાવનાર મહિલાઓની વાતચીત થતા એ સમજાયું કે સિવણ મશીન હોય તો માસ્કની સાથે વિવિધ જરૂરીયાતની



સાક્ષી સતિશ લોડાયા
ઘાટકોપર - સાંધણ



શિલ્પા ધરમશી
ડોંબિવલી - ગોરખડી

# સમસ્ત મહાજનની સ્વરોજ સમિતિ દ્વારા જ્ઞાતિની નારીઓને આત્મનિર્ભર બનાવવાની ઝૂંબેશ વેગ પકડી રહી છે



જયશ્રી સચીન ઘરમશી
ડોંબિવલી-ગોરખડી



અંજના ખોના
અંબરનાથ



ખુશ્બુ નયન કાકન
વડોદરા

વસ્તુઓ પણ બનાવી કેડીઓ નારી સારામાં સારૂં રોજગાર મેળવી શકે માટે સ્વરોજ કમિટીએ જરૂરીયાત બહેનોને સિવણ મશીન પુરૂં પાડવાના પ્રોજેક્ટ લઈ સમાજ સમક્ષ આવ્યા અને તેના પરિણામ સ્વરૂપ સમાજના અગ્રણીઓએ ખૂબ સારો પ્રતિસાદ અને સાથ સહકાર આપ્યો. જેથી દેશભરમાં ૧૭ જેટલાં સિવણ મશીનોનું વિતરણ જ્ઞાતિ બહેનોને કરાયું છે. હજી કેટલીક અરજીઓ પેન્ડીંગ છે. જેનો પણ તુરંતમાં અમલ કરી અરજકર્તાઓને સિલાઈ મશીન પૂરા પડાશે.

KDO Swaroj
The taste of tradition

આવેલ અરજીઓને અમલમાં લાવવા એક પ્રોસીજર બનાવાઈ હતી. જેના આધારે પુરતી માહિતી, પુરાવાનું વિશ્લેષણ દ્વારા તપાસ તથા માહિતી એકત્ર કરી તેઓને મશીન અપાયા. ભારતના વિવિધ નગરો, ગામોથી અરજીઓ આવેલ તેઓને કેન્દ્રીય સ્થળેથી સિવણ મશીન પહોંચાડવવું આસાન કામ ન હતું. કારણ કે ટ્રાંસ્પોર્ટેશનની મુશ્કેલી રહેતી હતી. ટ્રાંસ્પોર્ટેશનમાં મશીનને કઈ નુકસાન થાય અને ત્યાંથી ઘરે લઈ જવા

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સમસ્ત મહાજનની સ્વરોજ સમિતિ દ્વારા જ્ઞાતિની નારીઓને આત્મનિર્ભર બનાવવાની ઝૂંબેશ વેગ પકડી રહી છે




અનુપમાબેન આનંદજી ડાઘા
વરાડીયા - બગલકોટ



સંગિતા મનિષ માલદે (ડાઘા)
દલતુંગી - ડોંબિવલી



રૂપલ અમિત શાહ (નાગડા)
લાલા - બદલાપુર

સુવિધા કરવી પડે એ બધી ઝંઝટ નિવારવા જે તે શહેરની અરજી હોય ત્યાં સ્થાનિકે સારી દુકાને ગમતું મોડેલ પસંદ કરી સમિતિને કવોટેશન મળે એટલે પેમેન્ટ કરાવી દેવાય. જે પછી એ મશીનની ડિલેવરી અરજીકર્તાને ઘર પહોંચ થઈ જાય. આ આયોજનથી સિલાઈ મશીનની કં તરફથી સર્વિસ, ગેરંટી પણ તેઓને આસાનીથી મળે.

આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ કેડીઓ નારીને આત્મનિર્ભર બનાવવાનો છે. પ્લાસ્ટિકની શોપિંગ બેગ, ઝબલા થેલીઓનો વપરાશ પર્યાવરણને નુકસાની કરે છે એ હેતુથી સરકાર દ્વારા મનાઈ કરવામાં આવેલ છે. જેનો લાભ લઈ વારંવાર ઉપયોગમાં લઈ શકાય અને વર્ષો સુધી ઉપયોગ કરી શકાય એવી સુતરાઉ કે પોલિસ્ટર કાપડની વિવિધ સાઈઝ, વેરાયટીની થેલી, ઝોલીઓનું સારું એવું માર્કેટ મળશે એવી આશા છે. આગામી સમયમાં કપડાની થેલીઓનું ઉત્પાદન અને વેચાણ પણ મોટે પાયે કરવાનો ખ્યાલ છે.

આ સાથો સાથ મહિલાઓને ઉપયોગી વિવિધ ટોપિક પર વેબિનાર પણ સ્વરોજ સમિતિ દ્વારા કરાયા. જેને મહિલાઓએ સારો રિસ્પોન્સ આપ્યો. નારી શક્તિ ચેરપર્સન એડવોકેટ મીનલબેન ભરતભાઈ ખોના, વાશી એ સ્વરોજ યોજનામાં સહભાગી થનાર સૌ દાતાઓનો તેમજ સતત માર્ગદર્શન આપવા બદલ સમસ્ત મહાજન નારી શક્તિ વતી સૌનો આભાર માની ભવિષ્યમાં વિવિધ પ્રોજેક્ટ દ્વારા જ્ઞાતિ મહિલાઓના ઉત્કર્ષ અને ઉત્થાન માટે કાર્ય કરવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

# પાલીતાણા તીર્થે ચૈત્ર માસની આયંબીલ ઓળીની સમુહ આરાધનાનું આયોજન

સ્વાધ્યાય પ્રેમી પ.પૂ.નરેન્દ્રશ્રીજી મ.સા.ના શિષ્યા આત્માનંદી પ.પૂ.મહોદયાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં ચૈત્ર માસની ઓળી તા. ૧૮-૦૪-૨૦૨૧ થી ૨૬-૦૪-૨૦૨૧ની સમુહ આરાધનાનું આયોજન કરવામાં આવેલ છે. આરાધનામાં જોડાવા ઇચ્છતા આરાધકોએ પોતાના નામ ૮૬૦૦૬૧૮૪૨૯ પર મોકલી આપવા વિનંતી. વધુ માહિતી માટે સંપર્ક રમેશભાઇ લોડાયા-૯૮૯૨૦૦૩૯૪૦.

# પાલીતાણા મહાતીર્થે સર્વે દીક્ષાર્થીઓનો બેઠો વર્ષીદાન અને અભિવાદન બહુમાન કાર્યક્રમ યોજાયો

૧૯મા વર્ષીતપના આરાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનસભર નિશ્રામાં પાલીતાણા મહાતીર્થે ગુણોદયપુરમથી ૧૪૦ દીક્ષાર્થીઓ સંગાથે તળેટી યાત્રાનું ૩૫ બગીઓ દ્વારા બેન્ડ પાર્ટી દ્વારા ભવ્ય સમારોહ થયો. બપોરના સર્વે દીક્ષાર્થીઓનો બેઠો વર્ષીદાન અને અભિવાદન બહુમાન કાર્યક્રમ રાખવામાં આવેલ.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની જન્મજયંતિ તેમજ જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની સાતમી માસિક પુણ્યતિથિ નિમિત્તે અને પ.પૂ. આચાર્ય ભગવંતો શ્રી કવિન્દ્રસૂરી મ.સા., પ.પૂ.વીરભદ્રસાગરસૂરિ મ.સા., પ.પૂ.શ્રી મહોદયસાગરસૂરી મ.સા.ની આચાર્ય પદની પંચમી વાર્ષિક તિથી પ્રારંભ નિમિત્તે અને ગુણોદય પૂરમ જિનાલયની પંચમી વર્ષગાંઠ ધ્વજારોહણ નિમિત્તે પાંચ દિવસીય મહોત્સવ ઉજવણીની તા.૧૨ ફેબ્રુઆરી શુક્રવારના દિને શુભ શરૂઆત થઈ.

સમગ્ર સુકૃતના લાભાર્થી સંઘ માતા અ.સૌ.નીતાબેન નાનાલાલ કેશવજી ઉર્ફે બાબુભાઈ ગાલા પરિવાર કાંડાગરા કચ્છ-પરેલ.

---

# મહાતીર્થ શંત્રુજય ગિરીરાજના દરેક જિનાલયમાં પ્રભુપૂજા શરૂ થઈ

જૈનોના શ્રદ્ધેય તીર્થ શત્રુંજયના ગિરિરાજ પર કોરોના પ્રકોપને કારણે ગત માર્ચમાસથી જિન ભક્તો માટે પ્રભુજીની પૂજા સ્પર્શના પ્રતિબંધ હતી. એ તા. ૧૨ ફેબ્રુઆરી શુક્રવારથી શરૂ થઈ. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ પ્રભુપૂજા શરૂ થવાનું નિવેદન બહાર પાડી પાલીતાણા પર્વત પર આવેલાં ૯૦૦ થી વધુ જિનાલયોની ૩૫૦૦ જિન પ્રતિમાજીઓની સેવા પૂજા સ્પર્શનાનો આરંભ થયો છે. આ સમાચારથી શ્રાવક શ્રાવિકાઓમાં આનંદ વ્યાપી ગયો હતો.



મુખ્ય જિનાલયના આદેશ્વર ભગવાનને ફક્ત જમણા અંગૂઠે જ કેસર પૂજા કરી શકાશે. પેઢી દ્વારા પર્વત પરના સ્નાનાગાર પણ શરૂ થઈ ચૂક્યાં છે. પૂજા માટે સ્નાન કરનાર ભક્તોનો ઘસારો એક જ સ્થળે વધી ન જાય એ માટે પેઢી પાસની વ્યવસ્થા કરી છે. ડુંગર પર હનુમાન ધારા પાસે દરેક પૂજા કરનાર ભાવિકને પાસ અપાશે. જેમાં તેમણે બાથરૂમનો ઉપયોગ કરવાનો રહેશો પેઢીએ ભીડ ન થાય અને સોશ્યલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહે એ માટે ૯ સ્નાનગારની વ્યવસ્થા પણ શરૂ કરી છે.

વિવિધ પૂજાની બોલીનો આદેશ લેનાર ૧૧ ભાવિકો મુખ્ય આદેશ્વર ભગવાનની નવે અંગે પૂજા કરી શકશે. ત્યાર બાદ સર્વે યાત્રિકો જમણે અંગૂઠે કેસર પૂજા કરી શકશે. ત્યાર બાદ ભગવાનને આંગી ધારણ કરાવશે. અન્ય મુખ્ય જિનાલયે પુંડરિક સ્વામી શાંતિનાથ દાદા, પગલાં વગેરેમાં રાબેતા મુજબ સેવા પૂજા કરી શકાશે.

શેઠશ્રી આણંદજી કલ્યાણ પેઢી દ્વારા યાત્રાળુઓને સરકારના નિયમો પાળવાની સાથે સોશ્યલ ડિસ્ટન્સિંગ રાખવાની શિસ્તતા જાળવવાની પેઢી દ્વારા કરાયેલી વ્યવસ્થામાં સહયોગ આપવાની ખાસ અપીલ કરવામાં આવી છે અને પેઢી એ ઠેર ઠેર રાખેલું નોન આલ્કોહોલિક સેનિટાઈઝરનો વારંવાર ઉપયોગ કરવાની તાકીદ કરવામાં આવી છે.

# અચલગચ્છ નાયક શ્રીને અચલગચ્છાધિપતિ પદવી પ્રદાનનું શુભ મુહૂર્ત



અચલગચ્છ નાયક સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ને અચલગચ્છાધિપતિજીની પદવી પ્રદાનનો શુભ મુર્હૂત ચૈત્ર સુદ ૧૧ તા.૨૨ એપ્રિલ ૨૦૨૧ ગુરૂવારનો છે. આ હર્ષભરી જાહેરાત ઘોષણા અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતામ્બર જૈન સંઘ મુંબઈના પ્રમુખ રતનલાલ વડેરા દ્વારા કરાઈ છે. આ સમાચાર સંઘમાં પ્રસરતા સૌને હરખના તેડા થયા હતા અને ખુશી ભરી લાગણી પ્રસરી હતી.

# કોઠારા મહાતીર્થે શ્રી શાંતિનાથ દાદા જિનાલયનો ૧૬૦મો ધ્વજા રોહણ મહોત્સવ



પ.પૂ.આ.શ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા આદિ ઠાણા ૨ની પાવનકારી નિશ્રામાં કોઠારા તીર્થ મંડન ત્રણ ભુવનના નાથ શ્રી શાંતિનાથ દાદાની ૧૬૦મી ધ્વજા રોહણ મહોત્સવ તા.૨૪ ફેબ્રુઆરી બુધવારના સવારે ૮.૩૦ કલાકે શુભ મુહૂર્તે સતર ભેદી પૂજા વિધિ વિધાન, ધ્વજા રોહણ, અનુષ્ઠાનો સાથે થશે. વિધિકાર સંગીતકાર કમલેશ ગોસ્વામી એન્ડ પાર્ટી રમઝટ જમાવશે. બપોરનું ધ્વજા રોહણ દિવસનું કાયમી સ્વામિવાત્સલ્ય માતુશ્રી હીરાવંતીબેન ખેતશી દેવશી દંડ-કોઠારા. ધ્વજા, અનુષ્ઠાનો, વિધિ વિધાનો પ્રભાવના તથા મૂંગા પશુઓને મીઠું મોઢું લાપસી વિગેરેમાં દરેક પરિવારએ યથાશક્તિ આપનો અમૂલ્ય યોગદાન રૂપે ફૂલ નહીં તો ફૂલની પાંખડી સાધારણમાં લખાવી પુણ્યનું ભાથું બાંધશો. આ અવસરે કોઠારા તીર્થવાસીઓ નિયાણી બહેનો સૌ પરિવાર તથા સર્વે જ્ઞાતિજનોને પધારવાનું આમંત્રણ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોઠારા દ્વારા અપાયું છે.

# શાસન સમ્રાટ, યુગ મહર્ષિ તપોનિધિ અચલગચ્છાધિરાજ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ને ૧૦૮મી પાવન જન્મતિથિએ ભાવવિહોર વંદના



મહા સુદ ૨ શનિવાર તા.૧૩ ફેબ્રુઆરી એટલે શાસન સમ્રાટ યુગ મહર્ષિ તપોનિધિ અચલગચ્છાધિરાજ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૧૦૮મી પાવન જન્મતિથિ.

આજથી બરોબર ૧૦૮ વર્ષ પૂર્વે કચ્છ દેઢિયાની પાવન ધરતીએ કવિઓ છેડા ગોત્રીય લાલજી દેવશીના ધર્મપત્ની ધર્મનિષ્ઠા ભાગ્યશાળી માતા ધનબાઈની રત્નકુક્ષીએ વિક્રમ સંવત ૧૯૬૯ મહા સુદી ૨ના જન્મ લઈ સંવત ૧૯૯૩ના ચૈત્ર વદ ૮ના રોજ કચ્છ હાલાર દેશોધ્ધારક પાલીરત્ન અજોડ ક્રિયોધ્ધારક અચલગચ્છાધિપતિ પૂ.દાદા સાહેબ આ.ભ.શ્રી ગૌતમસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રશાંત મૂર્તિ કોટડી રત્ન પ.પૂ.ગણિવર્યશ્રી નીતિસાગરજી મ.સા.ના શિષ્ય તરીકે દિક્ષિત થઈ અનુક્રમે ૧૯૯૮ના મહાસુદ પાંચમના મેરાઉ મુકામે ઉપાધ્યાય અને સંવત ૨૦૧૨ના વૈશાખ સુદ ત્રીજ ચીચબંદર મુંબઈ મધ્યે આચાર્ય પદ અને સંવત ૨૦૨૯ના કચ્છ ભદ્રેશ્વરતીર્થે અચલગચ્છાધિપતિ પદ્ધારક બની જિનશાસન અને અચલગચ્છને વિશ્વ અને ભારતમાં પોતાના તપ, જપ અનેરી શાસન પ્રભાવનાઓથી યશસ્વી બનાવી. સંવત ૨૦૪૪ના ભાદરવા વદ ૩૦ના કાલધર્મ પામી સ્વર્ગસ્થ થયા.

આજે પણ આ ચતુર્વિધ શ્રી સંઘ ૩૩-૩૩ વર્ષો પછી પણ આપને આપના અગણિત ગુણો, વાત્સલ્ય ભાવ, દરેક સંઘો પરના અનન્ય ઉપકોરોને યાદ કરી ગદગદીત બની રહેલ છે.

અચલગચ્છને બનાવવા નંદનવન, આપે સમર્પી દીધા તનમન
અમારા પરમ ઉપકારી આપની ૧૦૮મી જન્મતિથિએ અમે ધરીએ ભાવવંદન, ઋણવંદન, ગુણવંદન

# હૈદરાબાદ જૈન મંદિરમાં ધ્વજા મહોત્સવ




તેલાંગણા રાજ્યના પાટનગર હૈદ્રાબાદના શ્રી મુનિસુવ્રત સ્વામી નવગ્રહ જૈન મંદિરની ૧૩મી વર્ષગાંઠ પ્રસંગે મહાસુદી ૧૩ તા.૨૪ ફેબ્રુઆરી બુધવાર રોજે ભવ્યાતિ ભવ્ય રીતે ધ્વજા રોહણ મહોત્સવનું આયોજન કરવામાં આવશે.

આ ધ્વજા મહોત્સવ પ્રસંગે બહારગામથી ઘણા શ્રાવક શ્રાવિકાઓ પધારશે.

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનાના સુર્વણ પેટ્રોન બનનારને સહર્ષ આવકાર

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**
**મેડિકલ સમિતિ**

KDO SANJIVANI

KDO



## શ્રીમતી પ્રભાબેન પુનમચંદ લક્ષ્મીચંદ ધરમશી

કચ્છ નલિયા (ચદુરા)- હુબલી

**પૂજય વડીલોની પુણ્ય સ્મૃતિમાં**

## સંજીવની સુવર્ણ પેટ્રોન Rs. 50,000

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિની ઉતમ, પરમાર્થી અને ઉપકારી યોજના સંજીવની જે અણધાર્યા અને આકસ્મિક મેડિકલ ખર્ચોઓને લીધે તકલીફ ભોગવતા જ્ઞાતિજનોને અદ્ભૂત રાહત આપતી યોજના છે. જે દિવસો દિવસ સૌનો આવકાર પ્રાપ્ત કરતી રહી છે.

આ યોજનામાં શ્રીમતી પ્રભાબેન પૂનમચંદ લક્ષ્મીચંદ ધરમશી–નલિયા છાડુરા હાલે હુબલી પૂજ્ય વડીલોની પુણ્ય સ્મૃતિમાં રૂા.૫૦ હજાર આપી સંજીવની સુવર્ણ પેટ્રોન તરીકે સહભાગી થયા છે. અન્યોના દુઃખ નજર સમક્ષ રાખી તેઓને મદદરૂપ થવા આગળ આવનાર ઉદારદિલ દાતાની અઢળક અનુમોદના સાથે સહર્ષ આવકાર.

# સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૫૫મી સાલગિરાહ નિમિત્તે ધ્વજારોહણ પ્રસંગે ત્રિાન્હિકા મહોત્સવનું આયોજન

કચ્છ પ્રદેશના સનાતન શાંતિના પ્રતિક સમા સોભાગ્યા સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૫૫મી સાલગિરાહ અવસરે શ્રી લઘુશાંતિ સ્નાત્ર મહાનુષ્ઠાન સહિત ધ્વજા રોહણના મંગલ પ્રસંગે ત્ર્યાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ તા.૨૨ ફેબ્રુઆરી સોમવાર મહાસુદ ૧૧થી મહાસુદ તેરસ બુધવાર તા.૨૪ ફેબ્રુ. સુધી સાંધવ ઉપકારી પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. શાંતિમૂર્તિ પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા. સંયમ કલક્ષી પ.પૂ.મુનિરાજ આર્યરત્નસાગરજી મ.સા.ની પુન્યાઈ નિશ્રામાં તથા યોગનિષ્ઠા પ.પૂ.સાધ્વી શ્રીપૂર્ણાગુણાશ્રીજી મ.સા., આદિઠાણા-૩, પ.પૂ.સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી કનકગુણાશ્રીજી મ.સા., સાંધવના દીકરી પ.પૂ.સાધ્વીશ્રી હિરગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫ તથા આદિ સાધ્વીજી ભગવંતો તથા શ્રમણીવૃંદની પાવન પધરામણીમાં ઉજવાશે.

પ્રથમ દિને ૨૨ ફેબ્રુઆરી સોમવારના સવારે ૮.૩૦ કલાકે કુંભ સ્થાપના, દીપક સ્થાપના, જવારારોપણ, તોરણબંધન, સવારે ૯.૩૦ કલાકે શ્રી નવગ્રહ, દશદિકપાલ, અષ્ટમંગળ પાટલા પૂજન, લાભાર્થી પરિવાર અ.સૌ.તેજલબેન કેતન નાગડા, સાંધાણ, બદલાપુર બપોર સમયે ૨.૩૦ કલાકે શ્રી શાંતિનાથ પંચકલ્યાણક પૂજા, લાભાર્થી માતુશ્રી સુશીલાબાઈ બંકીમચંદ્ર મૈશેરી હસ્તે સુપુત્રીઓ રાજુલબેન, અરૂણાબેન, જયશ્રીબેન તેજ દિવસે રાત્રે ૮.૩૦ કલાકે શ્રી મહાકાળી માતાજીની ભાવના સહપ્રભુજીની ભાવના, લાભાર્થી પરિવાર શ્રી દેવેન નવીન લોડાયા-થાણા.

દ્વિતીય દિવસ મંગળવાર તા.૨૩ ફેબ્રુઆરી સવારે ૯.૩૦ કલાકે પ.પૂ.ગુરૂભગંતો દ્વારા જિનવાણી શ્રવણ બપોરના ૧૨.૩૯ કલાકે શ્રી અઢાર અભિષેક અનુષ્ઠાન, અ.સૌ.પૂજાબેન અજીત નવીન લોડાયા-અમેરિકા રાત્રે ૮.૩૦ કલાકે પ્રભુજીની ભક્તિ ભાવના, લાભાર્થી અજીતભાઈ નવીન લોડાયા-અમેરિકા.

તૃતીય દિવસ બુધવાર તા.૨૪ ફેબ્રુઆરી સવારે ૮.૩૦ કલાકે શ્રી સતરભેદી મહાપૂજા, સવારે ૯.૩૧ કલાકે આહવાન સહ ધ્વજારોહણ વિધિ પ્રારંભ, સતરભેદી પૂજાના લાભાર્થી અ.સૌ.જલ્પાબેન દેવેન્દ્ર નવીન લોડાયા-થાણા, નવમી પૂજામાં ધ્વજા ચડાવાના લાભાર્થી પરિવાર શા.આણંદજી હીરજી ખોના, પદમશી કલ્યાણજી ખોના બપોરના ૧૨.૩૯ કલાકે શ્રી લઘુશાંતિ સ્નાત્ર મહાપૂજન લાભાર્થી પરિવાર શા.મુલજી માણેકજી લોડાયા હસ્તે નવીનભાઈ થાણા.

ત્ર્યાન્હિકા મહોત્સવના સાધર્મિક ભક્તિના સંપૂર્ણ લાભાર્થી પરિવાર માતુશ્રી મણિબાઈ માણેકજી લોડાયા હસ્તે અ.સૌ. અરૂણાબેન નવીનભાઈ લોડાયા-થાણા. ત્રિદિવસીય પ્રભુજીની ભવ્ય અંગ રચનાના લાભાર્થી પરિવાર સાગર લેખા કેતન નાગડા-સાંધણ અને મીત દેવેન લોડાયા-થાણા, જીવદયા નીલો ચારો તા.૨૪ ફેબ્રુઆરી બુધવારના માતુશ્રી સુશીલાબાઈ બંકીમચંદ્ર મૈશેરી સાંયરા-થાણા.

વિધિકાર શ્રધ્ધેય કેવલભાઈ વિશનજી સાવલા, જ્યારે સંગીતકાર કિશોર સંઘાર એન્ડ પાર્ટી.

આ ધર્મ મહોત્સવનો લાભ લેવા પધારવા સાંધવવાસીઓ નિયાણી બહેનો સહપરિવાર સંકળ સંઘો અને મહાજનો તથા સાજન-મહાજનને આદરપૂર્વક આમંત્રણ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ તથા લાભાર્થી પરિવાર માતુશ્રી મણિબાઈ માણેકજી લોડાયા હસ્તે નવીન માણેકજી લોડાયા પરિવાર-થાણા તરફથી અપાયું છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# બાંડીયા નગરે પ.પૂ.સા.શ્રી કનકાગુણાશ્રીજી મ.સા.ની પધરામણી

તા.૧૦ ફેબ્રુઆરી બુધવારના સવારે પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫ કચ્છ પ્રાંતના બાંડિયા નગરે પધારેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ભવ્ય રીતે સામૈયું કરી સ્વાગત કર્યું. પૂજ્યશ્રીઓની પાંચ દિવસની સ્થિરતા રહેશે ત્યારબાદ સુજાપર ગામે વિહાર કરશે.



# બાંડીયા સંઘમા વિમલનાથ જિનાલયે અખંડ ધારા વર્ધમાન શક્રસ્તવ અભિષેક સંપન્ન થયા








કચ્છના બાંડીયા નગર સંઘમાં શ્રી વિમલનાથ દાદાની શીતલછાયામાં તા.૧૧ ફેબ્રુઆરી ગુરૂવાર દિવસે પ.પૂ.સાધ્વીજી શ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫ની શુભ મંગલ નિશ્રામાં શ્રી વિમલનાથ જિનાલયે અખંડ ધારા વર્ધમાન શક્રસ્તવ અભિષેક ભવ્ય રીતે સંપન્ન થયા. આ પ્રસંગે ધર્મ આરાધનાઓમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ જોડાઈ ધન્ય ધન્ય થયા હતા.

# ધ્યાનયોગી ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના દિક્ષા જીવનના ૪૧મા વર્ષમાં પ્રવેશે સંયમ અનુમોદના ઉત્સવ

તા.૧૮ ફેબ્રુઆરી સોમવાર સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન ધ્યાન યોગી ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. દિક્ષાજીવનના ૪૦ વર્ષ પૂર્ણ કરી ૪૧મા વર્ષમાં પ્રવેશ કરશે તે પ્રસંગે ટિટવાલા સંઘ આંગણે સંયમ સુમેરૂ મહોત્સવનો ભવ્ય આયોજન કરાયું છે. સૌ ગુરૂભક્તોને પરિવાર સહિત સંયમ અનુમોદના ઉત્સવમાં પધારવાનું આમંત્રણ છે. કાર્યક્રમ સંબંધિત બાકીના જાણકારી પાછળથી આપવામાં આવશે.

# વસઈ (ઈસ્ટ)માં અચલગચ્છનાયક શ્રીની પુનિત પધરામણી થઈ





તા.૮ ફેબ્રુઆરી સોમવાર દિને સવારે અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. વસઈ વેસ્ટમાં એવર શાઈન કોમ્પલેક્સમાં પધારવા સંઘના શ્રાવક શ્રાવિકાઓ દ્વારા પૂજ્યશ્રીનું વાજતે ગાજતે ભવ્યાતિ ભવ્ય સામૈયું કરાયું. આ પ્રસંગે સંઘમાં ઉત્સાહનો માહોલ જામ્યો હતો.

# વિરાર (વેસ્ટ) સંઘમાં અચલગચ્છ નાયક આ.ભ.શ્રીની પુનિત પધરામણી





તા.૧૨ ફેબ્રુઆરી શુક્રવાર દિને સવારે અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા વિરાર વેસ્ટ સંઘમાં પધાર્યા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર તેમનો વાજતે ગાજતે સ્વાગત સામૈયો કર્યો હતો. પૂજ્યશ્રીના આગમનથી સમગ્ર સંઘમાં ઉત્સાહનો માહોલ જામયો હતો.


# જગતમાં વસતા જૈન જ્ઞાતિબંધુઓ માટે હાઈલી ક્વોલિફાઈડ મેટ્રિમોનિયલ વેબસાઈટ (ધ જૈન મેટ્રિમોની)

જેમાં સમગ્ર જૈન પરિવારનાં લગ્નોત્સુક યુવક યુવતીઓ પોતાની પ્રોફાઈલ બનાવી શકશે તેમજ પોતાની પસંદગીના પાત્રો જાતે જ શોધી શકશે. આ વેબસાઈટ સંપૂર્ણપણે આધુનિક ટેક્નોલોજી અને સિક્યોરિટીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે, જે ડિફોલ્ટ સિક્યોરિટી, ઓનલાઈન ચેટીંગ, અલગ અલગ પેકેજ જેવા અનેક ફીચર્સથી સુસજ્જ છે.

જૈન સમાજ દ્વારા શરૂ થઈ રહેલી આ નવી પ્રવૃત્તિને સોશ્યલ મિડીયાનાં માધ્યમથી જ્ઞાતિબંધુઓ સુધી પહોંચાડીએ, જેથી આપણી યુવા પેઢી આવી અમૂલ્ય સેવાઓનં લાભથી વંચિત ના રહે.

ખાસ નોંધ : આ સેવા જૈન/વણિક જ્ઞાતિબંધુઓ માટે જ રાખવામાં આવેલ છે. વધુ માહિતી માટે આપેલ વેબસાઈટ પર વિઝીટ કરો અથવા વોટ્સએપ કરો. www.thejainmatrimony.com - Whats app No. : 9157302303.

# તપજ્યોતિ પ.પૂ.સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.ના શ્રી સર્વતો ભદ્રતપના પારણા

અચલગચ્છનાયક સંઘ કૌશલ્યાધાર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આશીર્વાદ એવમ માંગલિક પચ્ચક્ખાણથી ૪૪૧ દિવસનો તપ જેમાં ૩૯૨ ઉપવાસ અને ૪૯ પારણા આવે છે. એવો સર્વતો ભદ્રતપ તપજ્યોતિ પ.પૂ. સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. કરી રહ્યાં છે. જેમાં દેવગુરૂ એવં સમસ્ત વિશ્વના હિતમાં ૧૫૩ દિવસ તપમાં વધારો કરી હવે ૪૪૧ વતા ૧૫૩ મળી કુલ્લ ૫૯૪ દિવસના સુદીર્ઘ તપ સુખશાતાથી આગળ વધી રહ્યાં છે.

પૂજ્ય ગુરૂવર્યાશ્રીજીના પારણા આયોજન અચલગચ્છનાયક શ્રીની આજ્ઞાથી વૈશાખ સુદ તેરસ રવિવાર તા.૨૩મે ના દિવસે રાજસ્થાનના બાડમેર સંઘમાં નિર્ધારિત થયા છે.

# શ્રી સાંતાક્રુઝ વેસ્ટ સંઘમાં નવકાર મંત્રનો ૨૮ મણકો ભાવપૂર્વક થયો







શ્રી સાંતાક્રુઝ (વેસ્ટ) અચલગચ્છ જૈન સંઘમાં શ્રી પાર્શ્વ આરાધક પૂજા મંડળ, અરિહંત શીશુ સામાયિક મંડળ તેમજ ૪૫ આગમ મહિલા સામાયિક મંડળ દ્વારા નવકાર જાપનું ધર્મમય આયોજન કરવામાં આવેલ. આ નવકાર મંત્રનો ૨૮ મણકો સફળતાપૂર્વક સંપન્ન થયો.

# શ્રી પારોલા ક.દ.ઓ. શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી સંઘ

તા.૨૪-૧-૨૦૨૧ના પરમ વિદુષી પરમ પૂજ્ય સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા સરલ સ્વભાવી પરમપૂજ્ય સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની નિશ્રામાં દારણગામ નિવાસી મુમુક્ષુ પ્રિયકાંતભાઈ દેઢીયા અને મુમુક્ષુ રંજનબેન દેઢીયા (સજોડે)નું સન્માન શ્રી પારોલા તીર્થના જ્ઞાતિભાઈ બહેનોની હાજરીમાં પ્રમુખ સાહેબ અને ટ્રસ્ટીગણના હસ્તે કરવામાં આવેલ. સોનામાં સુગંધ મળે તેમજ પરમ પૂજ્ય સાધ્વીશ્રી ચૈતગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના આઠ વર્ષ પુરા કરી નવમાં વર્ષે પ્રવેશ કરતા શ્રી પારોલા સંઘ એમની અનુમોદના કરે છે. મુંબઈ, જલગામ, પાચોરા, અમલનેર અને ગામવાસીઓની સારી સંખ્યામાં હાજરી હતી.

# UNLOCK YOUR BUSINESS

Under KDO B2B Platform

**To boost your business is only KDO B2B's motto**

Get your Business Advertisement FREE in our weekly emagazine GYATIMAIYA at 1st come 1st basis

Advertisement for any of your business, gruh udhyog, profesional services, etc.

Home operate business also can be advertised




For further information please call 90990 41414 (Sheetal Dhulla)

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા
# સાહસિક સાયકલવીર યુવાનોનો સત્કાર





શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા રવિવાર, ૦૭ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ સાંજે શ્રી વીરજી જીવરાજ મેપાની હોલ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ખાતે યોજવામાં આવી હતી. પ્રમુખશ્રી મયૂર મણીકાંત ધુલ્લાના અધ્યક્ષસ્થાને જ્યાં વર્લ્ડ અલ્ટ્રા સાયકલિંગ એસોસિએશન દ્વારા આયોજિત ''G2G (INDIA Gate, Delhi to Gateway of India, Mumbai) સુધી  ૧૪૬૦ kmની સફર પુરી કરનાર જ્ઞાતિના બે યુવા પ્રતિભા શ્રી મેહુલ સુર્યકાન્ત લોડાયા (ગામ : રવા - કચ્છ) અને શ્રી યશ રમેશ છેડા  (ગામ : સુથરી - કચ્છ) ને આમંત્રણ આપી તેમની આ સફર સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ બિરદાવવા માં આવેલ.





કાર્યક્રમની શરૂઆતમાં મંડળના પ્રમુખ મયૂર મણિકાંત ધુલ્લાએ ઉપસ્થિત રહેલ સર્વ જ્ઞાતિજનો ને આવકાર આપ્યો હતો અને યુવા પ્રતિભાને અભિનંદન આપેલ ત્યારે હાજર રહેલ જ્ઞાતિજનો એ તાળીઓના તાલે અભિવાદન કરેલ. આમંત્રિત યુવા પ્રતિભાઓની સિદ્ધિની જાણકારી મંડળના માનદમંત્રી જિજ્ઞેશ કુંવરજી મોતા એ આપી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન બન્ને યુવાનોએ સંસ્મરણ વાગોળતા પોતાની સાયકલિંગ સફર ની શરૂઆત સર્વોદય મંડળ દ્વારા આયોજિત ''રમતોત્સવ  ૨૦૧૮'' થી થયાનું જણાવેલ. આ પ્રેરણા મેળવી પોતાની સફર આગળ વધારવા બન્ને યુવાનો ''મુલુન્ડ રાઇડર્સ ગ્રૃપ''માં જોડાયા. ત્યાર બાદ તેઓ એ BRM પૂર્ણ કરી "SR"-SUPER RANDONNEUR title પ્રાપ્ત કરેલ. કોરોના કાળ દરમયાન ૬ મહિના સુધી  સાયકલિંગ કરવાથી વંચિત રહ્યા બાદ ''G2G (INDIA Gate, Delhi to Gateway of India, Mumbai) માં ભાગ લેવા નો વિચાર થોડોક કઠિન હતો. પણ પોતાના દ્રઢ નિશ્ચય અને સંકલ્પથી event પૂર્વે પ્રેક્ટીસ દરમ્યાન ૩-૪ મહિના માં અંદાજે ૨૩૦૦ km ની નાની મોટી ride કરી સજ્જ થયા હતા.

''G2G ઇવેન્ટ દરમ્યાન રોજના સરેરાશ ૨૫૦ km જેટલું અંતર કાપી આ ૧૪૬૦ kmનો રૂટ ૬ દિવસમાં પૂર્ણ કરેલ. આ સંપૂર્ણ ઇવેન્ટ અને પ્રેક્ટીસ દરમ્યાન તેઓ ને પરિવાર તેમજ મિત્રવર્તુળ નો સાથ અને સહકાર મળેલ અને તે બદલ કૃતજ્ઞતા પણ વ્યક્ત કરી હતી. શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા કાર્યક્રમમાં બન્ને યુવાનોને સુંદર સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવેલ અને ભવિષ્યમાં વધુ મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરે એવી શુભેચ્છા આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતમાં પ્રમુખ શ્રી મયૂર મણિકાંત ધુલ્લાએ મંડળના વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ દરમ્યાન મિડીયા પાર્ટનર-ગુર્જરમાતના જયંતભાઈ છેડાનો વિશેષ આભાર માનવામાં આવેલ તેમજ સૌ જ્ઞાતિજનોનો કાર્યકાળ દરમ્યાન સાથસહકાર આપવા બદલ આભાર માન્યો હતો જેનો હાજર રહેલ જ્ઞાતિજનો એ તાળીઓના ગડગડાટથી વધાવેલ તેમજ આગામી કાર્યકાળ દરમ્યાન વધુને વધુ સમાજલક્ષી તેમજ યુવાકેન્દ્રિત કાર્યક્રમો યોજવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ મંડળના માનદમંત્રી જિજ્ઞેશ કુંવરજી મોતા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમની પુર્ણાહુતી બાદ અલ્પાહારની લહેજત માણીને સૌ છુટા થયા હતા. સંપૂર્ણ આયોજનને સફળ બનાવવામાં મંડળની વર્તમાન કારોબારી સમિતિ, મહિલા વિભાગ તેમજ યુવાની ટીમે મહત્વનો ભાગ ભજવ્યો હતો.

# ડાઘા પરિવારના મોમાઈ માઁની પહેડી યોજાઈ






રવિવાર, તા. ૦૭ ફેબ્રુઆરીના શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ વરાડીયા ધ્વારા વરાડીયા મા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીની મુંબઈમા સળંગ ૨૯મી પહેડીનું આયોજન મુલુંડ મધ્યે થયેલ. આ વરસના લાભાર્થી સૌ. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા પરીવાર, ભાંડૂપ હતા. માતાજીના ભુવા આણંદજી ભાણજી ડાઘાએ વિધિ કરાવેલ. શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ તથા શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળે રાજેન્દ્ર પીતાંબર ડાઘાની આગેવાની હેઠળ સુંદર ભક્તિ ભાવના કરેલ. સંગીતકાર તથા ગાયક કલાકારોમાં સર્વ બિપિન કરસનજી ગોર, મણીલાલ દેવશી લોડાયા, હરીશ ધનજી ડાઘા, પ્રફુલ્લ લખમશી મોમાયા, પદમ સોજપાર મોતા, કિરીટ ધનજી મોમાયા, દીપક ગંગાજર ડાઘા, મનિષ પ્રતાપ ડાઘા, રાજ શાંતીલાલ ડાઘાનો સમાવેશ હતો.

પહેડીની પુર્વ તૈયારી તથા મંદિર સજાવટમાં હિતેશ ઠાકરશી ડાઘા, પ્રફુલ્લ લખમશી મોમાયા, નલિન રતનશી ડાઘા, નીતિન પદમશી ડાઘા તથા રાજ ઠાકરશી ડાઘા એ સારી જહેમત કરેલ.

પહેડીઓના લાભાર્થી પરીવારો, શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળના કલાકારો તથા શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળના વિશિષ્ટ કાર્યકર્તાઓનું મંડળે સન્માન કરેલ. મંડળના પ્રમુખ નીતિન પદમશી ડાઘા એ કાર્યક્રમનું સુંદર સંચાલન કરેલ.

# મુકેશ માણેકજી લોડાયાના પ્રયત્નોથી કોચીનની સ્કૂલના બાળકો સૂર્ય ઉર્જાથી ગરમ થયેલું પાણી પીશે

કોચીનની પન્પલ્લી ગર્વમેન્ટ હાઈસ્કૂલમાં સૂર્યની ઉર્જાથી એન્ટી ગ્રેડ ડિગ્રી સુધી ગરમ થયેલું શુધ્ધ, વિષાણુ મુક્ત થયેલુ શુધ્ધ, વિષાણુ મુક્ત થયેલુ પાણી સ્ટીલની ટેંકમાં ઠંડુ કરી વિદ્યાર્થીઓના શારિરીક, માનસિક અને આરોગ્યના લાભાર્થે જૈન ફાઉન્ડેશન મુકેશ માણેકજી લોડાયા-જૈન તરફથી સોલાર પેનલ સેટ, એકસો લીટરની સ્ટીલ ટાંકી પાણીન ઠંડુ કરીને સ્ટોરેજ કરવા, ૭ ગ્લાસ, ૭ સ્ટલી બેસીન, ૭ સ્ટીલ નળ વિગેરે સાધન સામગ્રી જે અંદાજિત ૫૦૦ વિદ્યાર્થીઓ માટે સ્થાપિત કરવામાં આવ્યું છે. વીજ ખર્ચ રહિત, પ્રદુષણ મુક્ત અને સાફ સફાઈના ખર્ચ વગરનું આ પ્રોજેક્ટ ત્રીજી સ્કૂલને ડોનેટ કરાયું છે. આ સુવિધાજનક સેટઅપનું ઉદ્‌ઘાટન કાઉન્સિલર, ડૉક્ટર, પોલીસ ઈન્સપેક્ટર, એચ.એમ.ટી. ટીચર્સ, પીટીએ અને અન્ય સામાજિક કાર્યકર્તાઓની હાજરીમાં એર્નાકુલમના ડિસ્ટ્રીક એજ્યુકેશન ઓફિસરના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગની યાદગીરી રૂપે એક આમ્રવૃક્ષનું વાવેતર કરાયું. જે ભવિષ્યમાં મીઠાં ફળ આપતું રહેશે.

હાલની નવી એજ્યુકેશન પોલિસી ૨૦૨૦માં સ્કૂલના વિદ્યાર્થીઓને ક્લીન અને સેફ પીવાનું પાણી ઉપલબ્ધ કરવવાનું સૂચન સરકાર દ્વારા અપાયું છે. જેનો સર્વત્ર અમલ સર્વત્ર કરાઈ રહ્યો છે. આ બાબતે સરકારનું ધ્યાન દોરવવા વર્ષ ૨૦૦૬માં સોલાર વોટર હીટર પધ્ધતિના સૂચન સાથે જાણીતા ચળવળ કરા મુકેશ માણેકજી જૈન લોડાયાએ કેસ કરેલ જેનો ચુકાદો એ વર્ષે જ વિદ્યાર્થીઓની તરફેણમાં આવેલ જે હવે ધીરે ધીરે મુકેશ માણેકજી લોડાયાએ આપેલ બધા જ ઉપયોગી સૂચનોનો સ્વીકાર સાથે અમલ થઈ રહ્યો છે. જેને લીધે વિદ્યાર્થી જગત પણ ખુશ છે.

ગરમ પાણીને પીવાથી દુષિત પાણીને લીધે થતા રોગો અટકે છે તથા કિડની સંબંધી તકલીફો ભવિષ્યમાં ન થાય એના માટે વધુ પ્રમાણમાં પાણી પીવું જરૂરી છે. સ્કૂલ બેગનું વજન ઓછું થાય એ બધા હેતુઓને ધ્યાનમાં રાખીને આ બધા સુધારા અમલમાં લાવવા જરૂરી છે.

# અમદાવાદ મેડિકલ સારવાર માટે આવતા કેડીઓ માટે વિશેષ વ્યવસ્થા

ખાસ કરીને કચ્છથી તથા ગુજરાતના વિવિધ પ્રદેશોમાંથી આપણા કેડીઓ જ્ઞાતિ બંધુ દર્દીને મેડિકલ સારવાર ઉપલબ્ધ કરાવવા અમદાવાદ આવે છે. આ માટે થતી તકલીફોને ધ્યાનમાં રાખી તથા બ્લડની જરૂરતના સમયમાં શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ મદદરૂપ થઈ શકે તે હેતુને ધ્યાનમાં લઈને મહાજનશ્રી દ્વારા સંચાલિત શ્રી નવયુગ યુથ ફોરમ દ્વારા અમદાવાદના અલગ અલગ વિસ્તારના યુવાનોનું એક મેડિકલ હેલ્પ ગ્રુપ કાર્યરત છે. આ ગ્રુપનો મુખ્ય ઉદ્દેશ દર્દીને તથા તેના પરિવારજનોને યોગ્ય માર્ગદર્શન આપવાનો છે. જેના સંદર્ભમાં આપ નીચે લખેલ વ્યક્તિનો સંપર્ક કરી શકો છો.

રાજેશ ખીમચંદ ધરમશી-૯૯૨૫૦૩૮૮૯૬, કેતન નરેન્દ્રભાઈ લોડાયા-૯૯૯૮૦૧૧૧૫૯, દેવેશ દિલીપભાઈ દંડ-૮૯૮૦૪૬૦૮૨૦, તેજસ હંસરાજ લોડાયા-૯૭૧૨૯૮૮૪૦૨, તરૂણ પ્રતાપભાઈ દંડ-૯૪૨૬૪૯૧૯૭૩, સૌરભ કુમારપાળ લોડાયા-૭૦૬૯૭૬૯૯૬૨, સંદીપ નવીનચંદ્ર મોતા-૭૮૭૮૭૫૭૯૪૦, ગૌરાંગ ગુલાબચંદ મૈશેરી-૭૩૮૩૩૩૩૪૯૬, પ્રજ્ઞેશ ખુશાલ ગોસર-૮૪૬૦૪૦૬૮૩૫, રોહન સંજય સંજયભાઈ મોતા-૯૭૧૨૪૧૮૩૩૮

# જસાપર તીર્થે શેઠશ્રી કેશવજી નાયક દ્વારા નિર્મિત શ્રી આદિનાથ જિનાલયની ૧૪૪મી ધ્વજા મહોત્સવનું આયોજન



ભાતીગળ ભોમકા કચ્છ પ્રદેશના જસાપર નગર તીર્થના શેઠશ્રી કેશવજી નાયક દ્વારા નિર્મિત શ્રી આદિનાથ જિનાલયની ૧૪૪મી ધ્વજા મહોત્સવ અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.,પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ. આ.ભ.મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની શુભ આશીર્વાદ તથા પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા., જસાપરના દિકરી મ.સા. સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ની દિવ્ય કૃપાશીષ, પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વીજી ભગવંત શ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા પની શુભનિશ્રામાં વિધિકાર ડૉ. હર્ષ દેઢિયા, સંગીતકાર નિશા સંઘવીના સથવારે તા.૨૭ ફેબ્રુઆરી શનિવાર તથા તા.૨૮ ફેબ્રુઆરી રવિવારના ઉજવાશે.

તા.૨૭ ફેબ્રુઆરી શનિવારના પ્રથમ દિને બપોરે ૧૨.૩૦ વાગે અચલગચ્છ અધિષ્ઠાયિકા મા ચક્રેશ્વરી દેવી પૂજન, દ્વિતીય દિવસ રવિવાર તા.૨૮ ફેબ્રુઆરીના સવારે ૯ કલાકે અઢાર અભિષેક તથા શુભ ચોઘડીએ સતરભેદી પૂજા સહ ધ્વજારોહણ કરાશે.

૧૪૪મી ધ્વજાના લાભાર્થી પરિવાર અ.સૌ.પિન્કીબેન કમલેશ ધરમશી જસાપર-ભાંડુપ તા.૨૭ ફેબ્રુઆરીની સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર અ.સૌ.ઉષાબેન મોતા લાલ ધરમશી પરિવાર, તા.૨૮ ફેબ્રુઆરીની સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર અ.સૌ.પિંકીબેન કમલેશ ધરમશી પરિવાર છે.

સૌ ગામવાસીઓ, નિયાણી બહેનોને આ ધ્વજા મહોત્સવમાં પધારવાનું શ્રી ક.દ.ઓ.જૈન જસાપર મહાજન તરફથી ભાવપૂર્વક આમંત્રણ અપાયું છે.

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ
જૈન મહાજન



# ONE STEP TOWARDS AATMANIRBHAR KDO NARI

Samast Mahajan KDO Swaroj Team & Samast Mahajan KDO Women Empowerment Committee are pleased to announce support of Sewing Machines to Women aspiring to be Aatmanirbhar!

THANK YOU FOR ALL THE SUPPORT AS DONERS-

**HEMABEN G CHHEDA & JAYSHRI K DAND**





**Highly Needy KDO family can apply for Sewing Machine || Application to be made to KDO SWAROJ TEAM**

**Contact: Ms Sheetal Dhulla @ 9099041414 / Mr Manish Bhai @ 7506070851**

☆ Nishit Dand || Adv. Minal B Khona || Viraj Dhulla || Khyati Dharamshi || Divya Momaya || Mahima Dand ☆

# શાશ્વતા ગિરિરાજના સાંનિધ્યે ચૈત્ર માસે નવપદ ઓળીની સમૂહ આરાધના

શાશ્વતા ગિરિરાજના સાંનિધ્યે શાશ્વતા પર્વના સાયુજયે શાશ્વતા પદના સામીપ્યે જવાનો સુઅવસર સ્વાધ્યાય પ્રેમી પ.પૂ. સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના સુશિષ્યા આત્મા નંદી પ.પૂ.સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા. આદીઠાણાની પાવનકારી નિશ્રામાં ચૈત્ર માસે નવપદ ઓળીની સમૂહ આરાધના શેઠ શ્રી નરશી નાથા ધર્મશાળા પાલિતાણા મધે ઓળી પ્રારંભ ચૈત્ર સુદી સાતમ તા.૧૮ એપ્રિલ રવિવાર ઓળી પૂર્ણાહૂતિ ચૈત્ર સુદી પૂનમ સોમવાર તા.૨૬ એપ્રિલના.

આ પાવન મંગળ પ્રસંગ પરિમલ તપચક્રવર્તી, જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીમદ્ ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની નવમ માસિક પુણ્યતિથિ નિમિત્તે, આત્માનંદી પ.પૂ.સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા.ના જીવન સફરના ૯મા દાયકામાં શુભ પ્રવેશ તથા સંયમ જીવનના ૬૧મા વર્ષની અનુમોદનાર્થે. સદાનંદી પ.પૂ.સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા.ના સંયમ પષ્ટીપૂર્તિ નિમિત્તે તથા શ્રુતાનંદી પ.પૂ.સાધ્વીશ્રી યશોદયાશ્રીજી મ.સા.ના સંયમ સુવર્ણ પ્રવેશ પર્વની અનુમોદનાર્થે.

આરાધના કરવા ઈચ્છુક ભાગ્યશાળી આરાધકોએ સાદા કાગળમાં પોતાનું પુરૂંનામ, મૂળગામ, હાલ વસવાટ, ઉંમર તથા સંપર્ક નંબર લખી ૮૬૦૦૬૧૮૪૨૯ નંબર પર વોટસએપ કરવો. મર્યાદિત સંખ્યામાં આરાધકો લેવાના હોવાથી વહેલો તે પહેલો ના ધોરણે નામ સ્વીકારવામાં આવશે. અચલગચ્છીય સમાચારી પાળતા આરાધકોએ જ પોતાના નામ મોકલવા.

ફોર્મ મોકલવા માટે સંપર્ક ૮૬૦૦૬૧૮૪૨૯ અને વિશેષ વિગત જાણકારી માટે સંપર્ક કરવો રમેશભાઈ લોડાયા-૯૮૯૨૦૦૩૯૪૦, રાજવી શાહ-૯૮૨૫૬૯૨૯૯૬.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પરેશ લખમશી ખોના**
તા.૮ ફેબ્રઆરી (ઉ.૬૩)
તેરા-વડોદરા



**ઝવેરબાઈ પદમશી ખોના**
તા.૯ ફેબ્રઆરી (ઉ.૯૧)
સાંધવ-ભાંડુપ



**પ્રતાપ દામજી લોડાયા**
તા.૧૦ ફેબ્રઆરી (ઉ.૬૧)
તેરા-ગદગ



**લીલાવંતીબેન દામજી દંડ**
તા.૧૨ ફેબ્રઆરી (ઉ.૮૭)
વરાડીયા-ડોંબિવલી



**હીરાચંદ લખમશી લોડાયા**
તા.૧૩ ફેબ્રઆરી (ઉ.૭૮)
દલતુંગી-ઘાટકોપર



**રાજેન્દ્ર રાયચંદ લાલકા**
તા.૧૩ ફેબ્રઆરી (ઉ.૫૯)
વારાપધર-દાવનગીરી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કોઠારાની જી.ટી. હાઈસ્કૂલના વર્ષ ૧૯૯૪ થી ૧૯૯૬ બેચના વિદ્યાર્થીઓ દ્વારા પીવાના પાણીના ટાંકા અને પરબ બનાવીને સંસ્થાને ટ્રસ્ટી અને પૂર્વ આચાર્ય પ્રભાત સિંહ જાડેજાની હાજરીમાં અર્પણ કર્યા હતા. આ સિવાયની ખૂટતી જરૂરિયાતની પણ ચર્ચા કરી આવતા પ્રોજેક્ટમાં સમાવી લેવાની સહમતિ બતાવી હતી. બીજા તબક્કામાં બાથરૂમ નવીનીકરણ બારી બારણાં, ફ્લોર રીપેરીંગ અને અન્ય કામ હાથ ધરાશે.

● કે.એસ.વી.કચ્છ, યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા સફેદ રણનું અર્થશાસ્ત્રી પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. જેના મુખ્ય લેખક અર્થશાસ્ત્ર વિભાગના ડૉ. કલ્પના સતીજા છે. આ પુસ્તક કચ્છ યુનિવર્સિટીનું પ્રથમ પ્રકાશન છે.

● છેલ્લા સાડા ચાર દાયકાથી કચ્છી ઢોલના તાલે બોલીવૂડના માધ્યમથી કરોડો સંગીત પ્રેમીઓને ડોલાવનારા કચ્છી ઉત્સાદ મૂળ નારાયણ સરોવરના રમજુભાઈ ખાવરાના ત્રીજી પેઢી ૧૦ વર્ષનો પૌત્ર અઝમત આજીદ ખાવરા અને દોહિત્ર નઝીર બશીર લંધા ઉ.વ.૧૩ તાજેતરમાં સ્ટારપ્લસ ચેનલ પરના તારે જમીન પર નો શો પર ગ્રાન્ડ ફિનાલેમાં ઢોલની દાંડીએ મંચ ગજાવીને સૂફી ગાયક સુખવિંદર સિંહ અને જાણીતા સંગીતકાર ગાયક શંકર મહાદેવન સાથે સંગત કરીને પ્રભાવિત કર્યા હતા.

● અબડાસા તાલુકાના નાની વમોટી ગામના સીમમાં એકાદ કિ.મી. દૂર ઉગમણી બાજુ 'ખટલી' ડુંગરની પવનચક્કીના વીજ વાયરમાં શોર્ટસર્કિટ થતાં ડુંગર પર દવ લાગ્યો હતો. જેમાં ૧૫ થી ૨૦ એકરમાં ઘાસ ભસ્મ થઈ ગયું હતું. મધરાત્રે દોઢ બે વાગ્યે પવનચક્કીમાં શોર્ટસર્કિટ થતાં તણખા જમીન પર પડ્યા અને ઘાસ બળવા લાગ્યું હતું. પરોઢે સાડા પાંચ વાગ્યે આગ કાબૂમાં આવી હતી.

● કોરોના રસીકરણની રાજ્યમાં શરૂઆત થઈ. અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે યોજાયેલા કાર્યક્રમથી જ્યાં રાજ્યની ટાસ્ક ફોર્સના સભ્ય અને ગાંધીધામના બાળરોગ નિષ્ણાત તબીબ ડૉ. નવીન ઠક્કરને રસીકરણ આરંભે રાજ્યમાં પ્રથમ રસી આપવામાં આવી હતી. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ડૉ. ઠક્કરને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીએ તેમને બેઝ પહેરાવ્યો હતો અને આ બેઝ પહેરી રાખવા અનુરોધ કર્યો હતો.

● કચ્છનો સૌથી લાંબો રૂટ રાપર નારાયણ સરોવર એસ.ટી. બસ રૂટ આઠ તાલુકા વીંધીને ૩૮૨ કિ.મી.ની સફર પૂરી કરે છે. નારાયણ સરોવર પહેલાં ૧૫ કિ.મી. નરા વિસ્તારના પુલ પાસે બસ ઊભી રહેતાં પક્ષીઓ ઊડા ઊડ કરી આનંદિત થઈ જાય છે. સિમેન્ટના ઓટલા પર એસ.ટી.કર્મચારીઓ પક્ષીઓ માટે ચણ પાથરે છે. જેને ખાવા પક્ષીઓ ટોળેવળી કલરવથી નિર્જન સીમાડો ગજવી દે છે. છેલ્લા વીસ વર્ષથી આ સેવા ચાલુ રાખી છે. દાતાઓ આ સહપ્રવૃત્તિમાં હામી બને છે તો ક્યારે ગાંઠના પૈસા ખર્ચીને જીવદયા પ્રવૃત્તિ આ રૂટના ડ્રાઈવર કંડકેટર કરે છે. દરરોજ આ રૂટની બસની રાહ પ્રવાસીઓ સાથે પક્ષીઓ કાગડોળે જૂએ છે.

● ક્રાંતિગુરૂ પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સીટીના કાર્યકારી કુલ સચિવ તરીકે ડૉ. આર.વી.બસિયાની નિયુક્તિ કરવામાં આવી છે. માંડવીની શેઠ એસ.વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ૨૦ વર્ષ સુધી પ્રાધ્યાપક પદે સેવા આપ્યા બાદ હાલ તેઓ યુનિટના અંગ્રેજી વિભાગના એસોસિએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહ્યા.

● માંડવીમાં હરિદાસ લાલજી હમલાઈ આયુર્વેદિક મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત આયુર્વેદિક દવાખાનું સંસ્થાના ટ્રસ્ટી પુષ્પસેન તુલસીદાસ આશરે દીપ પ્રાગટ્ય કરી ફરી શુભારંભ કરાયો. કાર્યક્રમની શરૂઆતે જીવનપર્યંત સેવા આપનાર હસમુખભાઈ વૈદ્યને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ટ્રસ્ટના મુખ્ય દાતા અજિતભાઈ દત્તભાઈ મસ્કત રહેવા છતાં માદરે વતન પ્રત્યેના પ્રેમ અને માંડવીના લોકોના ચિંતા એવી આ દવાખાનું પુનઃચાલુ થાય તે માટે સતત ચિંતા એવી આખરે પુનઃપ્રારંભ કર્યું જે બદલ હાજર રહેલ સૌએ તેમને ધન્યવાદ પાઠવ્યા હતા.

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL